# અરવલ્લી જિલ્લામાં યમરાજાનો પડાવ : ૭ કલાકમાં ૪ જુદા-જુદા અકસ્માતમાં ત્રણના મોત

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનોમાં સતત નોંધપાત્ર વધારો થવાની સાથે નિર્દોષ વાહન ચાલકો અને રાહદારીઓ અકસ્માતમાં અકાળે મોતને ભેટી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં બે હિટ એન્ડ રનની ઘટનામાં બે લોકોના મોત નિપજતા અને અન્ય કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ડમ્પર સાથે ભટકતા કારમાં સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. ૬ કલાકના સમયગાળામાં ૪ અકસ્માતમાં ૩ લોકોના મોત નિપજતા ભારે હાહાકાર મચ્યો હતો. ૪ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા.



ધનસુરા તાલુકાના વડગામ નજીક મારુતિ ઓમ્ની કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ પર ઉભેલી ગાયને ટક્કર મારી સામેથી આવતી આઈવા ડમ્પર સાથે ભટકતા વાનનો કડૂચાલો બોલાઈ ગયો હતો. ઓમ્ની કારમાં બેઠેલા અને મોડાસા શહેરની શાહેઆલમ સોસાયટીમાં રહેતા અલ્તાફહુસેન અબ્બાસમીયા મલેક (ઉં.વર્ષ-૫૪)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. કારચાલક શાહિદ અહેમદભાઈ કુશ્કીવાલાના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો અન્ય એક અકસ્માત ધનસુરાની નવી શિણોલ ગામ પાસે બન્યો હતો જેમાં મોડાસાના બલોચવાડામાં રહેતો મો.ઝુબેર સિદીકભાઈ બેલીમ તેની બાઈક લઈને કામકાજ અર્થે પસાર થતા અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા બાઈક ચાલક મો. ઝુબેર રોડ પર પટકાતા માથાના ભાગે ઈજાગ્રસ્ત થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ખસેડતા રસ્તામાંજ દમ તોડી દીધો હતો. મોડાસા શહેરના લઘુમતી સમાજના બે વ્યક્તિઓનું અકસ્માતમાં મોત નિપજતા મુસ્લિમ સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ધનસુરા પોલીસે બંને મૃતકની લાશને પીએમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર-મોડાસા રોડ પર આવેલા માલજીના પહાડીયા નજીક હિટ એન્ડ રનની ઘટના બનતા સરકારી જીપે રાહદારીને અડફેટે લેતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા સરકારીજીપનો ચાલક જીપ ઘટનાસ્થળે મૂકી રફુચક્કર થઈ ગયો હતો. માલજીના પહાડીયા નજીક રોડ ક્રોસ કરતા સંજીવકુમાર રામકુમાર મિસ્ત્રી (રાનામુઉ, ઉત્તરપ્રદેશ)ને ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખેલી ટાટા ગોલ્ડ જીપ (ગાડી.નં. જીજે.૧૮-જીએ-૧૩૪૨)ના ચાલકે ટક્કર મારતા સંજીવ કુમારના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિયા ગામે બે ઘરમાં તસ્કરોનો હાથફેરો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા ગામે ગતરાત્રીના સુમારે તસ્કરોએ બે બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી ચોર ઈસમો અંદર પ્રવેશી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ.૧.૨૫ લાખના દાગીના લઈ છુમંતર થઈ ગયા છે. પરિવાર લગ્ન પ્રસંગે બહારગામ ગયો હોવાથી તસ્કરોએ પોતાની કળા કરી ગયા છે. ત્યારે ડભોડા પોલીસે ગુનો નોંધી ચોર ઈસમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જો કે મકાન માલિકના દાવા પ્રમાણે કુલ રૂ. ૩૦ થી ૩૫ લાખની ચોરી થયાનો અંદાજ સેવાઈ રહ્યો છે. તો બીજીતરફ ગ્રામજનોએ તસ્કરોને પડકારતા એક ચોર ઈસમે દેશી તમંચા જેવા હથીયારથી ફાયરીંગ કર્યું હોવાનું પણ જાણવા મળ્યું છે.



પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના પ્રાંતિયા ગામે જોગણીમાતાના મંદિર પાસે વસવાટ કરતા અલ્પેશ ઉમેદજી ઠાકોર (ઉં.વ.૨૫) પોતાના પરિવાર સાથે રહે છે. અલ્પેશજી ખેતી અને ડી.જે.સાઉન્ડના ધંધા સાથે સંકળાયેલા છે. અલ્પેશજી પોતાના પરિવાર સાથે ગતરાત્રીના સુમારે પોતાના સાળા લગ્ન પ્રસંગ હોવાથી પરિવાર સાથે પોર ગામે આવ્યા હતા. પોર ગામે લગ્ન પ્રસંગે રાસ-ગરબાની રમઝટ જામી હતી. અલ્પેશજીના બહેન અને બનેવી રાત્રીના બે વાગ્યાના અરસામાં ઘરે પરત ફર્યા હતા. ત્યારે ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. તે સમયે બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશી તસ્કરોએ તિજોરી તેમજ અન્ય કબાટમાં રહેલા માલ સામાન વેર વિખેર કરી દીધો હતો. તિજોરીમાંથી ચીજવસ્તુઓ ફંફોસીને ખાટલા પર એકઠી કરી હતી. ચોર ઈસમોએ અલ્પેશજીના ઘરેથી સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૧.૨૫ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. પોર ગામેથી પરત ફરીને અલ્પેશજીના બહેન બનેવી એ જોયું તો ઘરનો તમામ સામાન વેરવિખેર કરી દીધો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી ચોર ઈસમોને પકડી પાડવા માટે તજવીજ શરુ કરી છે.જયારે ચોર ઈસમોએ અલ્પેશજીના મકાનની સાથે હિતેશજી રમણજી ઠાકોરના ઘરનું પણ તાળુ તુટયુ છે. તેમનો પરિવાર ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા છે. ચોરી અંગે હિતેશજીના કાકા બાબુજીએ જણાવ્યું હતું કે ઉપરના માળે તેઓ સુઈ ગયા હતા. અને નીચે રહેતા ભાઈના પરિવારજનો ખેતરમાં હતા અમારા ઘરમાં ચોરી કરીને ચોરો શખ્સોએ બાજુના ઘરમાં ચોરી કરી ત્યાં સુધી તો ખબર પડી નહી. જો કે બુમાબુમ થતા હું જાગી ગયો હતો.અમારા ઘરેથી મારી બે દિકરી, પત્ની અને પુત્રવધુના, તેમજ મારાભાઈના પરિવારના દાગીના મળી કુલ રૂ.૩૫ લાખની કિંમતના દાગીના હતા. જયારે પ્રાંતિયા ગામમાં ચોરીની ઘટના બનતા સમગ્ર ગામમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ચોરીને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે રૂ.૧.૨૫ લાખના દાગીનાની ચોરીનો ગુનો નોંધી તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### ચોરી થયેલા દાગીનાની યાદી

- ચાંદીના કડલા જોડ નંગ - ૨, વજન - ૧ કિલો, કિં.રૂ. ૧૦,૦૦૦
- ચાંદીના રમજા જોડ નંગ - ૨, વજન - ૧ કિલો, કિં.રૂ.૧૦,૦૦૦
- ચાંદીની કાંબીયો જોડ નંગ- ૩, વજન - ૧.૨૫ કિલો, કિં.રૂ.૧૨,૦૦૦
- ચાંદીના ઘેરા નંગ - ૫, કિં.રૂ.૫,૦૦૦
- ચાંદીના પગના વેઢા નંગ- ૪ કિં.રૂ.૪૦૦
- ચાંદીની લકી નંગ - ૨, કિં.રૂ.૨૦૦૦
- ચાંદીની ગાય નંગ- ૧ કિં.રૂ.૩૦૦૦
- ચાંદીના કેડના ઝુડા નંગ-૨ કિં.રૂ.૨૦૦૦
- ચાંદીની ચુડીયો બંગળી નંગ-૪ કિં.રૂ.૫૦૦૦
- ચાંદીના ડિસ્કા નંગ- ૯ કિ.રૂ.૯,૦૦૦
- ચાંદીની નથણી નંગ-૨ કિં.રૂ.૨૦૦
- બુટ્ટીની જોડ નંગ-૧ કિં.રૂ.૨,૦૦૦
- સોનાની વીંટી નંગ- ૩ કિ.રૂ.૧૫,૦૦૦
- સોનાનું લોકેટ નંગ-૧ કિં.રૂ.૩૦,૦૦૦
- સોનાના પાટલા નંગ-૨ કિં.રૂ.૨૦,૦૦૦
- કાંડા ઘડીયાળ નંગ-૪ કિં.રૂ.૨,૦૦૦

## સીટની રચના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂપાણીએ વિદ્યાર્થીઓની રજુઆતોનો સ્વીકાર કરીને સમગ્ર મામલે હકીકત પ્રકાશમાં લાવવા માટે સીટની રચના કરી છે. સીટના સભ્યોની યોગ્ય તપાસના અંતે આગામી ૧૦ દિવસમાં રીપોર્ટ તૈયાર થઈ જશે. જયારે આ સીટની સમિતિમાં ગૌણ સેવા પસંદગી મંડળના કોઈ સભ્યો નથી. ગૌણ સેવા પસંદગી મંડળને પણ પરીક્ષાલક્ષી મળેલી ૩૯ જેટલી ફરિયાદો પણ સીટને સુપ્રત કરી આ મામલે સમિતિ યોગ્ય તપાસ કરશે. સીટનો રીપોર્ટ આવે નહીં ત્યાં સુધી પરીક્ષાનુ પરિણામ જાહેર કરાશે નહીં. પરીક્ષાની કાર્યવાહીમાં કોઈપણ પ્રકારની ક્ષતિ ચલાવી લેવાશે નહીં. જયારે સીટના આ રીપોર્ટના આધારે ભવિષ્યમાં લેવાનારી પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ક્ષતિ ન રહે તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે જરૂર પડે તેમાં સુધારા વધારા પણ કરાશે. આવતીકાલે વિદ્યાર્થીનેતાઓની સીટ સાથે બેઠક યોજાશે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓના મનમાં ઉઠેલી શંકા કુશંકા દુર થશે જયારે યુવાનોને પણ ન્યાય મળશે. પરીક્ષાર્થીઓએ શાંતિ અને ધીરજથી આંદોલનની રાહ અપનાવી તે બદલ તેમણે અભિનંદન પાઠવ્યા હતા. જયારે આંદોલન દરમિયાન પરીક્ષાર્થીઓ કેમ્પસમાં કોઈ મુશ્કેલી ઉભી ન કરે તે માટે પણ સજાગ રહેવા પોલીસને સુચના આપી હતી. જો કે હવે વિરોધ અને આંદોલન બંધ કરવા માટે પણ ગૃહરાજયમંત્રીએ પરીક્ષાર્થીઓને અપીલ કરી હતી.

## પેમેન્ટ કાર્ડ... ● પહેલા પાનાનું ચાલુ

કરાવશે. પીપીઆઈને બેંકમાં રોકડ જમા કરીને રિચાર્જ કરાવી શકાશે અથવા તો ડેબિટ કાર્ડની મદદથી રિચાર્જ કરવામાં આવી શકે છે. ક્રેડિટ કાર્ડ બેલેન્સથી પણ આને રિચાર્જ કરી શકાશે. બીજા પીપીઆઈની મદદથી એક મહિનામાં મહત્તમ ૫૦ હજાર સુધી રિચાર્જ કરવામાં આવી શકે છે. આજે સેન્ટ્રલ બેંક તરફથી મોનિટરી પોલિસની જાહેરાત કરવામાં આવી હતી. આરબીઆઈ દ્વારા પ્રિપેઈડ પેમેન્ટ કાર્ડ લોંચ કરવામાં આવ્યા બાદ આનાથી ૧૦૦૦૦ સુધીના ટ્રાન્ઝિક્શન કરી શકાશે. ૩૧મી ડિસેમ્બર સુધી આરબીઆઈ તરફથી આની માહિતી જાહેર કરવામાં આવશે. આરબીઆઈ દ્વારા કેસ રિપ્લેશમેન્ટ અને ડિજિટલ લેવડદેવડને પ્રોત્સાહન આપવા માટે આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. સ્પોન્સર તરીકે બેંકના સમર્થન સાથે પીપીઆઈ જારી કરવામાં આવશે. એમાઉન્ટ નવા પીપીઆઈમાં લોડ કરવામાં આવશે.


## હળવે હૈયે ● ચોથા પાનાનું ચાલુ

'હા... એટલે જ મેં તો આજનાં લગનનાં જમણવારમાંથી બોધપાઠ લીધા છે?' 'શું ?'

'હા... 'બુફે' જમણવાર આપણને લાઈનમાં ઊભા રહીને ધીરજ રાખવાનું શીખવે છે... કોઈ વાર કોઈ વાનગી આપણી ડીશ સુધી ન પહોંચે એવુંય બને... ત્યારે 'ત્યેન ત્યક્તેન ભૂંજીયા' યાને કે 'ત્યાગીને ભોગવી જાણો' તથા 'માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાવો' ગાવાનું શીખવે છે... ભરેલી ડીશ લઈ, કોઈની જોડે અથડાઈ ન જવાય, કોઈનાં કપડાં ન બગડે એમ સ્થિર, એક ધ્યાન થઈ ચાલવું પડે એટલે એક પ્રકારનાં તપ-સાધના પણ આપણામાં કેળવાય છે... આ ફાયદા ખરા.... આજનાં લગ્નના...

'વાહ...અંકલ... આપણને તમારો આ પોઝિટિવ એટિટયૂડ ગમ્યો...' 'શું ધૂળ પોઝિટિવ એટિટયૂડ? પનુભાઈ, વાતોમાં બધું સારું લાગે...' અંકલે પલટી મારી... 'તો પછી અંકલ, આવા લગ્નમાં જવાનું જ નહીં આપણે... એ જ બેસ્ટ વે છે, ખરું ને?'

'ના યાર.... એ કેમ ચાલે ? કંકોત્રી આવી હોય એટલે સંબંધ સાચવવા - મોં બતાવવા જવું પડે ને ચાંલ્લો ય કરવો પડે... ચાંલ્લો કરીએ તો પૈસા વસુલ કરવા જમવું ય પડે ને...' રેડ અંકલે એમનો અસલી મિજાજ બતાવ્યો... 'હાં, અંકલ પણ જયાં સુધી માણસનો પૈસા વસુલ કરવાનો ને દરેક બાબતમાં ટીકા-ટિપ્પણી કરવાનો સ્વભાવ નહીં બદલાય ત્યાં સુધી એને જગતની દરેક ચીજ ગમાડવાનું અઘરું પડશે જ.... અમે બોલ્યા... ને અંકલથી 'હેં ? શું ?'બોલાઈ ગયું.



## ભિલોડા અને શામળાજી વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા અને શામળાજી વિસ્તારમાં વાતાવરણમાં એકાએક પલટો આવતા વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડુતો, પશુપાલકો ચિંતિત થઈ રહ્યા છે. ઘઉં-મકાઈ સહિત વિવિધ પ્રકારના પાકો પર ખતરો હોવાની સંભાવના સેવાઈ રહી છે. ખેડુતોના માથે હવે સંકટના વાદળો છવાઈ રહ્યા છે ત્યારે ખેડુતો અને પશુપાલકો ચિંતાતુર બની રહ્યા છે. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાતા ખેડુતોના જીવ તો જાણે કે પડીકે બંધાયા હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. અરબી સમુદ્રમાં લો-પ્રેશર સર્જાતા વાતાવરણમાં એકાએક પલટો આવતા ફુલ ગુલાબી ઠંડીના પ્રમાણમાં એકદંરે વધારો જોવા મળ્યો હતો. માગશર માસ દરમ્યાન લગ્ન સિઝન પણ પુરબહાર ચાલી રહી છે ત્યારે વાતાવરણ રહેતા કમોસમી વરસાદની સંભાવના વચ્ચે લગ્નના આયોજકો ભારે ચિંતા ફેલાઈ છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે એકાએક ઠંડીનો ચમકારો વધતા પ્રજાજનોને હવે સ્વેટર, ટોપી, સ્કાર્ફ પહેરવાની ફરજ પડી હતી.

## પરીક્ષા રદ કરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લડાઈમાં સમર્થન આપ્યું હતું. જયારે ઉમેદવારોના પ્રતિનિધી મંડળ દ્વારા જિલ્લા કલેકટર, રેન્જ આઈજી, જિલ્લા પોલીસવડા અને સીએમઓ ઓફિસના ઉચ્ચ અધિકારીઓ સાથે દિવસમાં ત્રણ વાર મુલાકાત થઈ હોવા છતા હજુ સુધી કોઈ સુખાકારી નિર્ણય આવ્યો નથી. ઉમેદવારોની માંગણી પ્રમાણે સરકાર દ્વારા એસઆઈટીની પણ રચના કરી દેવામાં આવી છે. તેમ છતા હાલની પરિસ્થિતિએ પણ ઉમેદવારો પરિક્ષા રદની માંગ ને લઈ ટસના મસ થયા નથી. ત્યારે ઉમેદવારો સામે સરકાર ઝુકે છે કે ઉમેદવારો સરકાર સામે ઝુકે છે તે જોવું રહ્યું..

ગાંધીનગર શહેર છેલ્લા ૩૬ કલાકથી પ્રદર્શનકારીઓને હવાલે છે. ગતરોજ સાંજથી હજ્જારો ઉમેદવારોએ સ્વર્ણીમ પાર્ક ખાતે પરિક્ષા રદના નારા સાથે ગોઠવાઈ ગયા છે. ઠંડીના ચમકારા વચ્ચે પરિક્ષાર્થીઓએ ગાર્ડનમાં રાત વિતાવવાનો વારો આવ્યો હતો. ઉમેદવારોએ રાત્રીના સમયે રામધુન, ભજન-કિર્તન કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે ઉમેદવારોનો વિશ્વાસ જોઈને કેટલાક સ્થાનિક અને રાજકીય આગેવાનો પણ રાત્રીના અંધકારમાં મળવા માટે આવી પહોંચ્યા હતા. તો કેટલાક સેવાભાવી આગેવાનોએ ચા-પાણી અને નાસ્તાના પેકેટની વ્યવસ્થા કરી હતી. જયારે સવાર પડતા જ રાજકીય આગેવાન શંકરસિંહ વાઘેલાએ ઉમેદવારો સાથે વાતચીત કરી હતી અને ઉમેદવારોને સમર્થન આપી કહ્યું હતું કે જયાં જરુર પડે ત્યાં અમે તમારી સાથે છીએ. ત્યારબાદ બપોરના સુમારે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા અને હાર્દિક પટેલ આવી પહોંચતા ઉમેદવારોએ ''ગો બેક'' ''ગો બેક'' નારા લગાવતા થોડીવાર માટે ઉમેદવારોના પ્રતિનિધીને મળી તેઓ રવાના થઈ ગયા હતા. સવાર થી બપોર સુધીમાં ઉમેદવારોની સંખ્યામાં વધારો થતો ગયો હતો. ઉમેદવારોની સંખ્યાને પગલે જિલ્લા પોલીસ વડાએ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. ઉમેદવારોના પ્રતિનિધી મંડળ અને સરકાર વચ્ચે ત્રણવાર બેઠક યોજાઈ હતી. પરંતુ બેઠકમાં કોઈ નક્કર પરિણામ મળ્યું નથી, જયારે ઉમેદવારો પરિક્ષા રદ કરવાના અડગ નિર્ણયને લઈ સ્વર્ણીમ પાર્ક ગોઠવાઈ ગયા છે.



## કંભરોડા ગામના દિવ્યાંગ હસ્મિતાબેનને સ્વરોજગાર એવોર્ડ

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના કંભરોડા ગામના દિવ્યાંગ હસ્મિતાબેન ભિખાભાઈ વાળંદને વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે રૂરલ ડેવલોપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ ધ્વારા દિવ્યાંગ હસ્મિતાબેન વાળંદને સ્વ.નંદીનીબેન પી. દીવેટીયા રૂરલ શ્રેષ્ઠ દિવ્યાંગ સ્વરોજગાર એવોર્ડથી સન્માનિત કરાયા હતા. કંભરોડા જેવા નાનકડા ગામના હસ્મિતાબેન વાળંદ દિવ્યાંગરૂપે બંને પગે જમીનથી ઘસડાઈને પોતાનુ સ્વરોજગારી જીવન નિર્વાહ કરે છે. આ અગાઉ હસ્મિતાબેનને અભ્યાસ માટે રાજીવ ગાંધી ફાઉન્ડેશન ન્યૂદીલ્હીના સોનીયા ગાંધીના વરદહસ્તે મોટરરાઈઝડ્ થ્રી વ્હીલર ગાડી અર્પણ કરવામાં આવી હતી તેમજ સ્પે.દિવ્યાંગ ખેલમહાકુંભમાં હસ્મિતાબેને અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ અનેક ઈનામો પ્રાપ્ત કર્યા છે. તેમજ ૨૬ જાન્યુ ૨૦૧૮ના પર્વ બેટી બચાવો બેટી પઢાઓ ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગ હસ્મિતાબેને કંભરોડા પ્રા.શાળામાં પ્રા.શાળાના આચાર્ય રસિકભાઈ વાળંદ તેમજ ગ્રામજનોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન પણ કર્યુ હતુ, ત્યારે ખેડુત પરીવારની દીકરી બંને પગે દિવ્યાંગ હોવા છતા આજે પણ સીવણ તેમજ અનેક સ્વરોજગારના કાર્યો કરી જીવન જીવી રોજગાર મેળવતી અને એવોર્ડ સહીતની અનેક સીધ્ધીઓ હાંસલ કરતા હસ્મિતાબેન ભીખાભાઈ વાળંદના માતા પિતાએ તેમજ અભિલાષા સેવા ટ્રસ્ટ માલપુર અને સમગ્ર લીંબચીયા સમાજનુ અને કંભરોડા ગામનુ ગૌરવ સમાન દિવ્યાંગ હસ્મિતાબેન વાળંદને સમસ્ત લોકોએ શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યા.

## રેપોરેટ યથાવત...

● પહેલા પાનાનું ચાલુ

રીતે રિવર્સ રેપો રેટ ૪.૯ ટકાના દરે યથાવત રહ્યો છે. ૭ સભ્યોની કમિટી દ્વારા નાણાંકીય વર્ષ માટે જીડીપી ટાર્ગેટ સુધારીને અગાઉના ૬.૧ ટકાની સરખામણીમાં પાચ ટકા કર્યો છે. તમામ અર્થશાસ્ત્રીઓ પહેલાથી જ કાપની અપેક્ષા રાખી રહ્યા હતા. જો કે આરબીઆઈએ તમામની ગણતરી ખોટી પાડી દીધી છે.

૨૦૧૬માં આની રચના કરવામાં આવ્યા બાદ મોનિટરી પોલિસી દ્વારા સતત વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. જો કે આ સિલસિલા પર હવે બ્રેક મુકાઈ છે. અમે વારંવાર રિવર્સ રેપોરેટ, રેપોરેટ, સીઆરઆર, એસએલઆર જેવા શબ્દો સાંભળીએ છીએ. બેંકોને પોતાના દરરોજના કામકાજ માટે એવી મોટી રકમની જરૂર હોય છે જેની અવધિ એક દિવસથી વધારેની હોતી નથી. આના માટે બેંક સામાન્યરીતે રિઝર્વ બેંકથી એક દિવસ માટે ઓવરનાઈટ લોન મેળવે છે. આ લોન ઉપર રિઝર્વ બેંકને તેમને વ્યાજ ચુકવવાની જરૂર હોય છે. જે વ્યાજ ચુકવવાની જરૂર હોય છે તેને રેપોરેટ કહેવામાં આવે છે. બીજી બાજુ રિવર્સ રેપોરેટ આનાથી બિલકુલ અલગ હોય છે. બેંકોની પાસે દિવસભર કામકાજ બાદ મોટી રકમ બચી જાય છે. બેંક આ રકમ રિઝર્વ બેંક પાસે રાખી શકે છે જેના ઉપર તેમને વ્યાજ મળે છે જે રકમ ઉપર આ વ્યાજ મળે છે તેને રિવર્સ રેપોરેટ કહેવામાં આવે છે. આવી જ રીતે તમામ બેંકો માટે જરૂરી હોય છે કે, તે પોતાની પાસેના કુલ કેશ રિઝર્વનો એક ચોક્કસ હિસ્સો બેંક પાસે જમા રાખે અને કેશ રિઝર્વ રેશિયો કહેવામાં આવે છે. મોનિટરી પોલીસી કમિટીની બેઠક ચોથી ઓક્ટોબરના દિવસે તેની બેઠકના પરિણામ જાહેર કરનાર છે આર્થિક વિકાસનો દર ૭ વર્ષની નીચી સપાટી પર પહોંચી ગયા બાદ હાલત કફોડી બનેલી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ